# પ્રકૃતિપૂજન અને ૐકાર જપ મુક્તિનો માર્ગ છે

**ધર્મ દર્શન**
બાળકૃષ્ણ વડનેરે

દેવત્વ પ્રકૃતિમાં છે એટલે જ પ્રકૃતિ દિવ્ય છે, ભવ્ય છે. દિવ્યત્વ પ્રાપ્તિ માટે પ્રકૃતિ હિતકારી છે અને પરમાત્માની પ્રાપ્તિ માટે ૐકાર મૂળારંભ છે.

જે કાંઈ સુંદરતમ, અલૌકિક, અદ્ભુત, વિલક્ષણ તથા કુતૂહલજનક છે તે બધું જ પ્રકૃતિમાં છે, નિસર્ગ સર્વોત્તમ સુંદરતાનો સંગ્રહ છે.

પ્રકૃતિ જોડે નિકટતા રાખીને, નવું સંશોધન કરીને જે કાંઈ નિર્માણ થાય તે માનવસમાજને ઉપયોગી બને તે પ્રકૃતિને પણ માન્ય છે પણ નિસર્ગ છિન્નભિન્ન થાય તે પ્રકૃતિને કદાપિ માન્ય નથી. તેનું પરિણામ માણસે ભોગવવું પડે છે. પ્રકૃતિનો વૈભવ સાચવીને માનવ પ્રગતિ કરે એ ખરું સાહસિક સંશોધન કહેવાય. પ્રારંભ અને અન્ત નિસર્ગનો નિયમ છે. પ્રકૃતિનું પાસું અકલ્પનીય છે.

પ્રકૃતિનું મુખ્ય અંગ પૃથ્વી છે અને પૃથ્વી પંચમહાશક્તિઓમાંની એક મહત્ત્વની શક્તિ છે. પૃથ્વીને ધરતીમાતા જેવું પરમ પવિત્ર સંબોધન છે. પૃથ્વી માતા છે, જનની છે. માનવો માટે પૃથ્વી અનન્ય, ઉપકારી અને શ્રેયસ છે. ધરતી પરનાં વેલીવૃક્ષો, જળાશયો, પર્વતો, સરોવરો, અનેક પ્રકારનાં અદ્ભુત પશુપંખીઓ, હિંસક પ્રાણીઓમાં નિસર્ગ નિર્મિત દિવ્ય-દેવત્વ પ્રાપ્ત થઈ ગએલ હોવાથી અમારી સંસ્કૃતિ, સંસ્કાર અને પરંપરાગત પૂજન, અર્ચન સર્વ જીવપ્રાણીઓ વૃક્ષવેલીઓને પણ દેવત્વ આપીને તેમનું સકારાત્મક પૂજન થાય છે એટલે માનવો વડ, પીપળો, ઉંબરો, લીમડો, આંકડો, બિલ્વ, તુલસી, શમી, દરો, કમળ, ગુલાબ, ચંપો, ગલગોટો, તગરી આદિ પુષ્પ-પર્ણનો ઉપયોગ પૂજાવિધિમાં કરે છે. માનવસમાજ પ્રાણીઓ પર પણ દયા દ્રષ્ટિભાવ રાખે છે. જળચર પ્રાણી, મત્સ્ય, કાચબો, મગર, જલસર્પ, નાગ આદિ



અને જંગલનિવાસી વાઘ, સિંહ, હાથી, ઊંટ, શિયાળ, પંછીપક્ષીઓમાં હંસ, કાબર, કોયલ, પોપટ, કાગડો, કબૂતર, મયૂર, અશ્વ, બળદ, મુષક, ઘુવડ આદિ પ્રાણીપક્ષીઓ દેવોનાં વાહનરૂપે છે. અનાજમાં ચોખા, ઘઉં, કઠોળનો પૂજામાં ઉપયોગ કરીએ છીએ એટલે નિસર્ગ નિર્મિત પ્રાણી, પક્ષી, વેલી, વૃક્ષોનું માનવો પૂજન કરે છે તે માનવ હિતકારી છે અને પ્રકૃતિ સાથેની નમ્ર ભાવના છે એટલે પ્રકૃતિપૂજન માનવોનો મનભાવન વિષય છે. માનવ તો શબ્દબ્રહ્મની પણ પૂજા કરે છે. શબ્દોચ્ચાર, રાગ-આરોહ-અવરોહ, સ્વર, સૂરની પણ આરાધના થાય છે, રિયાઝ અને સંગત થાય છે, એ તપશ્ચર્યા છે. ૐકાર નાદ એક અલભ્ય સિધ્ધિ છે. સંતોષ, સમાધાન અને શાંતિનું અનમોલ પ્રતીક છે. ત્રિખંડમાં વિદ્યાતત્ત્વ છે અને સ્વરસાધના દેવી શારદા સરસ્વતીની પાવન તપશ્ચર્યા છે. વેદોમાં સામવેદની ઋચાઓ સ્વર-સૂર-આલાપ અને ધ્વનિસંસ્કારનું મહત્ત્વ કહે છે. ‘ઓમ ક્રતો સ્મર’ કહે છે, હે કર્મશીલ માનવો! તું ‘ઓમ’નું સ્મરણ કર, ઉચ્ચારણ કર, શ્વાસ પર નિયંત્રણ રાખ, સ્વરસાધના આત્માની પૂજા છે. શરીરની જાળવણી છે અને શ્રોતાઓનો આનંદ છે. પૃથ્વી, સૃષ્ટિ કે પ્રકૃતિ અનાદિ તત્ત્વો છે. આ તત્ત્વોની ઉત્પત્તિ, અંત કે જન્મ-મૃત્યુની કોઈને ખબર નથી.

ઉપાસના માટે ૐ યોગ્ય છે. તેમાં ઈશ્વર સચ્ચિદાનંદ સ્વરૂપ, નિરાકાર, શક્તિમાન, દયાળુ અનંત, અજન્મા તથા અનુપમ, સર્વ વ્યાપક, અજર, અમર, પવિત્ર સૃષ્ટિકર્તા છે. તે પરમાત્મા એક જ છે. વિદ્વાનોએ અલગ નામો પ્રસારિત કર્યાં છે પણ ભગવાનનું નિજ નામ એક જ છે. માતા-પિતા, પતિ-પત્ની, ગુરુ આ સંબંધસૂચક નામો છે, વકીલ, વૈદ્ય, ડૉક્ટર, માસ્તર, આ વ્યવસાય સૂચક નામો છે. પંડિત, યોગી, ઋષિ, દયાવાન આ ગુણસંપન્ન નામધારીઓ છે. બ્રહ્માજી ઉત્પત્તિકારક, વિષ્ણુ સંરક્ષક, પાલક અને શિવ સંહારક

> **પરમાત્મા સૂક્ષ્મ છે એટલે ૐ એકાક્ષરી છે પણ એમાં ત્રણ અક્ષરોનો સમાવેશ છે, જેમ દત્ત ભગવાનમાં બ્રહ્મા, વિષ્ણુ, મહેશ છે. ૐનું ઉચ્ચારણ તપ બને છે**

છે. આ દેવો પ્રકૃતિનું યોગ્ય સંચાલન કરનારા છે પણ તે એક જ તત્ત્વધારી, એક જ છે, એકાક્ષર છે. વ્યાકરણના હિસાબે પુલ્લિંગ, સ્ત્રીલિંગ, કે નપુંસકલિંગ છે પણ ૐ ને કોઈ જ લિંગ જોડે સંબંધ નથી તે અપરિવર્તનશીલ છે એટલે જ ત્રણે લિંગોમાં ૐ જ બોલાય છે. ૐને વચન, વિભક્તિ પ્રત્યેય લાગવાથી કોઈ પરિવર્તન થતું નથી તે અવ્યય છે.

પરમાત્મા સૂક્ષ્મ છે એટલે ૐ એકાક્ષરી છે પણ એમાં ત્રણ અક્ષરોનો સમાવેશ છે, જેમ દત્ત ભગવાનમાં બ્રહ્મા, વિષ્ણુ, મહેશ છે. ૐનું ઉચ્ચારણ તપ બને છે અને સાધક મહાયોગી પર આરૂઢ થાય છે અને પરમ ગતિનો અધિકારી બને છે. ૐ પ્રકૃતિ છે. પ્રકૃતિ પરમાત્મા છે અને પરમાત્મા શ્વાસમાં ૐકાર રૂપે સ્થાપિત છે એટલે ૐકાર સાધના મુક્તિ માર્ગ છે. ૐ ૐ ૐ.

---

# ઘેર ઘેર વંચાતી ગજેન્દ્ર મોક્ષની કથા

**પંચામૃત**
નીલાક્ષી પરીખ

મિત્રો, પૂ. ગુરુદેવની કૃપાથી આજે મારે ગજેન્દ્ર મોક્ષની કથા કહેવી છે. જ્યારે જ્યારે આપણા પર સંકટ આવે, સમસ્યાઓથી ઘેરાય જઈએ, માર્ગ ન સૂઝે ત્યારે ગજેન્દ્રમોક્ષનો પાઠ કરવો થશે શું? ભગવાન કોઈ ને કોઈ રીતે મદદ કરશે વળી આજના સમયમાં ઘરનાં વૃદ્ધ ખાટલે પડ્યા હોય, જીવ ન જતો હોય, પીડાતા હોય એમની આસક્તિ છૂટે અને મુક્તિ થાય એટલા માટે ગજેન્દ્ર મોક્ષનો પાઠ સંભળાવવો. આવો, આ સુંદર ગજેન્દ્ર મોક્ષની કથા સાંભળીએ. કથા આપણે જાણીયે જ છીએ કે -

એક જંગલ હતું, ગાઢ જંગલ અનેક વૃક્ષો થી છવાયેલું, એ જંગલમાં એક સરોવર હતું. વાતાવરણ એટલું તો મનોરમ્ય હતું કે પક્ષીઓનું પણ આ આશ્રયસ્થાન હતું. વાતાવરણ શાંત અને પ્રકૃતિ સૌંદર્યથી ભરપૂર. આ જંગલમાં એક હાથી રહેતો હતો ગજેન્દ્ર. બહોળો પરિવાર, હાથિણીઓ અને નાના નાના હાથીઓનું ઝુંડ. વનમાં એનો પ્રભાવ હતો. એનું એને અભિમાન હતું કે મારા જેવો શક્તિશાળી કોઈ નથી. ધીમે ધીમે એનો આ ભાવ અહંકારમાં ફેરવાય ગયો. એવું સાંભળ્યું છે કે ગજેન્દ્ર પૂર્વજન્મમાં ઈન્દ્રદ્યુમ્ન નામનો રાજા હતો. તે રાજા હતો ત્યારે તેણે જ ભગવાનની ગજેન્દ્રમોક્ષની સ્તુતિ રચી હતી. પણ તેનાથી એક અપરાધ થયો અને તેણે ગજેન્દ્ર બનવું પડ્યું. આ અપરાધ કયો હતો? રાજા એકવાર ઠાકોરજીની સેવા કરી રહ્યા હતા ત્યારે એક સંતનું આગમન થયું. રાજાએ સંતને જોયા છતાં અજાણ રહી ભગવાનની સેવા ચાલુ રાખી. સંતને ન પ્રણામ કર્યા, ન આવકાર્યા આ અપરાધના દંડરૂપે તેણે હાથી બનવું પડ્યું! હાથી પોતાના પરિવાર સાથે જંગલમાં રહેતો હતો. ઉનાળાના આકરી ગરમીના દિવસો હતા. સૂર્ય પંખર તેજથી તપી રહ્યો હતો. હાથીનું ઝુંડ તરસથી પરેશાન હતું. ગજેન્દ્ર પરિવાર સાથે સરોવર સમીપ આવ્યો. ત્યાં જઈને તરસ છિપાવવાનું અને ગરમીથી શાંતિ મેળવવાનું વિચાર્યું પાણી શુદ્ધ અને શીતળ હતું. વળી કમળથી ઘેરાયેલું હતું, રમણીય સ્થાન અને મનોહર વાતાવરણ! સૌ આનંદિત થયા. પાણી પીધું, તરસ મટી અને શારીરિક શ્રમ મટ્યો. હવે વારો આવ્યો જલક્રીડાનો. હાથિણી અને બાળકોને પોતાની સૂંઢ વડે પાણી નાંખી કિલ્લોલ કરવા લાગ્યો - ગજેન્દ્ર, એને જરાય ખ્યાલ ન હતો કે હવે શું થશે? એ સરોવરમાં એક ગ્રાહ (મગર) રહેતો હતો. એણે આ ભારી ભરખમ ગજેન્દ્રને જોયો. મગરે અચાનક આક્રમણ કરી પોતાના મજબૂત જડબામાં ગજેન્દ્રનો પગ પકડી લીધો. ગજેન્દ્રને પીડા થઈ પણ ન ગણકાર્યું થયું કે નાનકડો જીવ હશે એ શું ટકી શકશે? જોર લગાવી પગ છોડાવવાનો પ્રયાસ કર્યો ન છૂટ્યો. ગજેન્દ્ર બહાર નીકળવા મથામણ કરે અને ગ્રાહ અંદર ખેંચવા મથે. હાથિણીઓ અને મદનિયાનું ધ્યાન પડ્યું. સૌએ સૂંઢથી એકતાથી હાથીને બહાર ખેંચવા પ્રયત્ન કર્યો હાથિણીઓ પતિની આ દશા જોઈ રૂદન કરવા લાગી. નાના બચ્ચાં ડરવા લાગ્યા. સમય વીતતો ગયો. ધીરે ધીરે પરિવાર અલગ થઈ ગયો. જોયું કે ‘આ બચી શકે એમ નથી.’ હાથી કાકલૂદી કરવા લાગ્યો છેવટે એકલો પડી ગયો. સામે જ મોત દેખાયું. ઉપર આસમાન. શું કરવું ન સૂઝ્યું. લાંબા સમય સંઘર્ષ કરીને એ અસહાય અને લાચાર બન્યો. એને અહંકાર હતો પોતાની તાકાત અને પરિવાર પર



પણ એ કામ ન આવ્યું! એને ભાન થયું કે હવે કોઈ બચાવી શકે એમ હોય તો એ શ્રી હરિ છે. ‘નદીમેં હુઈ ગજગ્રાહકી લડાઈ, પુકારા થા ગજને કન્હાઈ કન્હાઈ.’ કોઈ બચાવી ન શક્યું ત્યારે ગજેન્દ્રને વાસ્તવિકતાનું ભાન થયું અને વૈરાગ્ય થયો. એને ભગવાનનું સ્મરણ થયું. થાકેલો, હારેલો પણ હવે તમામ શક્તિ ભગવાન તરફ લગાડી. નેત્ર બંધ કર્યા ભગવાનને યાદ કર્યા તો પૂર્વજન્મમાં રચેલી ગજેન્દ્ર મોક્ષ સ્તુતિ યાદ આવી. તેણે સ્તુતિ કરી. પણ કોઈ દેવ-દેવીનું નામ નથી લીધું. બધા જ દેવી દેવતા આકાશમાં પોત પોતાના વાહન લઈ તૈયાર છે કે આપણને બોલાવે તો મદદે જઈએ. ગજેન્દ્રે સ્તુતિમાં કહ્યું- કે કણ-કણમાં છે એ મારી રક્ષા કરે, સંપૂર્ણ સૃષ્ટિ જેમનામાં વિધ્યમાન છે એ મારી રક્ષા કરે, એણે પોતાની સ્તુતિ દ્વારા જાણે પરમ તત્ત્વનો નિર્ણય કરી લીધો. જે જે વિશેષતાનું વર્ણન છે એ પરમ તત્ત્વ, પરમાત્મા, પુરુષોત્તમને અનુરૂપ છે. વિષ્ણુ ભગવાન પણ ત્યાં હતા. ગરુડજીને કહ્યું - હાજર થાવ. લક્ષ્મીજી કહેઃ આપ કેમ જાવ છો? આપને તો નથી બોલાવ્યા પ્રભુ કહે- દેવી, કોઈનું નામ નથી લેતો મતલબ આ મારી સ્તુતિ છે. વિષ્ણુ શંખ, ચક્ર, ગદા, પદ્મ અને ગરૂડ લઈ આવી પહોંચ્યા. પીતાંબર ધારી આવ્યા. પીતાંબર આકાશમાં ઉડી રહ્યું હતું. કાળી અલકાવલિ, ઝૂલ્ફો વાયુના વેગથી લહેરાઈ રહી હતી.

કાનનાં કુંડળ ચમકી રહ્યા હતા. ભગવાનના

> **ગજેન્દ્રે સ્તુતિમાં કહ્યું- કે કણ-કણમાં છે એ મારી રક્ષા કરે, સંપૂર્ણ સૃષ્ટિ જેમનામાં વિધમાન છે એ મારી રક્ષા કરે, એણે પોતાની સ્તુતિ દ્વારા જાણે પરમ તત્ત્વનો નિર્ણય કરી લીધો**

દર્શનમાત્રથી ગજેન્દ્ર ગ્રાહે પકડ્યો છે પગ એ પીડા જ ભૂલી ગયો! ભગવાનના દિવ્ય દર્શનમાં ખોવાઈ ગયો. વિચારવા લાગ્યો. ભગવાનને શું અર્પણ કરું?

પછી થયું કે - આ છે કમલાકાંત. કમલા લક્ષ્મીનું નામ છે. કમળ એમને અતિ પ્રિય છે. જુઓ તો, ૧ હાથમાં પદ્મ એટલે કે કમળનું પુષ્પ લઈને ઊભા છે. એમની નાભિથી કમળ અને કમળમાંથી બ્રહ્મા પ્રગટ્યા છે. આ કમળ સાથે એમનો અદ્ભુત નાતો છે. ભક્તો સ્તુતિ કરે છે ત્યારે કહે છે- ભગવાન ના ચરણ કમળ, હસ્તકમળ, નેત્ર કમળ, મુખકમળ. ‘રામચંદ્ર કૃપાલુ ભજમન હરન ભવ ભય દારૂનં નવકંજ લોચન, કંજ મુખ, કર કંજ પદ કંજારૂણં’

ગજેન્દ્રે વિચાર્યું એમને પ્રસન્ન કરવા કમળ જ અર્પણ કરું. પણ ક્યાંથી લાવીશ? કમળ પાણીમાં ઉત્પન્ન થાય છતાં પાણીથી ઉપર હોય.

કમળ નિર્લેપ રહે તેમ આપણે પણ સંસારમાં રહેવા છતાં નિર્લેપ રહેવાનું છે કમળ શું છે? સુમન, પુષ્પ. સુમન નો એક અર્થ છે- સુંદર મન. એ જ તો ભગવાનને પ્રિય છે. ગજેન્દ્રે સરોવરમાંથી સૂંઢ વડે ૧ કમળપુષ્પ ઉપાડ્યું અને નારાયણને અર્પિત કર્યું.

હવે પછીની મનોરમ્ય કથા પ્રતીક્ષા પછી.

[ગુરુવર્ય પૂ.શ્રી રમેશભાઈ ઓઝા
(પૂ.ભાઈશ્રી)ના સત્સંગને આધારે